**ફોજદારી કેસ નં. ૯૧૫/૨૦૨૩**

सत्यमेव जयते

| | |
|---|---|
| RECEIVED ON | 09-02-2023 |
| REGISTERED ON | 09-02-2023 |
| DECIDED ON | 25-07-2023 |

| DURATION | | |
|---|---|---|
| YEAR: | MONTH: | DAYS: |

# ત્રીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, ભુજ-કચ્છ.

==============================================

**ચુકાદો આપ્યાની તારીખ :** **તા: ૨૫-૦૭-૨૦૨૩**

**ફોજદારી કેસ નં. ૯૧૫/૨૦૨૩** **આંક-** 9/B

(ભુજ શહેર ''બી'' ડીવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના રજી. નં.૧૧૦૩/૨૦૨૨,, આઈ.પી.સી. કલમ- ૨૭૯,૩૦૪(અ) મુજબ )

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદી તરફે | વિદ્વાન એ.પી.પી.શ્રી આર.આર.પ્રજાપતિ | |
| આરોપી | **વિવેક અરવિંદભાઈ રાઠોડ ,** રહે: આહીરવાસ, સરસપુર, તા:ભુજ-કચ્છ | ઉ.વ.:૨૬ ધંધો:વાળંદનું કામ |
| આરોપી તરફે | વિ.વ.શ્રી એફ.એ.સમેજા | |

## -:: ફોર્મ-બી ::-

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા: ૧૨-૧૦-૨૦૨૨ |
| એફ.આઈ.આર. ની તારીખ | તા: ૦૪-૧૧-૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | તા: ૦૯-૦૨-૨૦૨૩ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | તા: ૦૯-૦૩-૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા: ૧૦-૦૭-૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | તા: ૧૦-૦૭-૨૦૨૩ |
| ચુકાદો આપ્યા તારીખ | તા: ૨૫-૦૭-૨૦૨૩ |
| સજાનો હુકમ સંભાળ્યાની તારીખ, જો હોય તો | ------ |

**ફોજદારી કેસ નં. ૯૧૫/૨૦૨૩**

## -:: આરોપીની વિગતો :-

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમય ગાળો (Cr.P.C .Se.428 મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિવેક અરવિંદભાઈ રાઠોડ | ૦૮-૧૧-૨૨ | ૦૮-૧૧-૨૨ | આઈ.પી.સી. કલમ- ૨૭૯ તેમજ ૩૦૪(ખ) | નિર્દોષ | -- | -- |

## :: જજમેન્ટ ::

**તા: ૨૫-૦૭-૨૦૨૩**

**૦૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૨-૧૦-૨૦૨૨ ના રોજ કલાક: ૧૦:૦૦ વાગ્યાના સમયે કે તે અરસામાં ભુજ મધ્યે આવેલ મુરલીધર મિલ્ક (દુધ) સેન્ટર જે ભાદરકા હોસ્પીટલની સામે અને ખાવડા મેસુરઘરની બાજુમાં આવેલ હોસ્પીટલ રોડ ઉપર આરોપીએ પોતાના કબજાનું વાહન મહિન્દ્રા કંપનીની જીતો પલ્સ સફેદ કલરનો જેના રજી. નં.જીજે.૧૨.બીવાય. ૯૨૬૩ વાળું બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે રીવર્સમાં લેતા, ફરીયાદીના નાના ભાઈ સંજયભાઈ શામજીભાઈ ખાસા, ઉ.વ.:૨૧, વાળાને પાછળથી ભટકાડી ચાલુ રહેલ વાશ વલોવવાના મોટર સાથે કરંટ લાગતા મૃત્યુ નીપજાવેલ. તેમ કરીને આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯,૩૦૪(અ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

**૦૨.** ઉપરોકત વિગતેની ફરીયાદ ભુજ બી ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ જાહેર થતા, ફરજ પરના અધિકારીએ તે મુજબનો ગુનો નોંધી, આગળની તપાસ જે તે તપાસ કરનાર અધિકારી ને સોંપાતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે આરોપી વિરૂઘ્ઘ પુરતા પુરાવાએ ભુજના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી સમક્ષ રજુ કરતા, તે ફોજદારી કેસ નંબર-૯૧૫/૨૦૨૩ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યાર બાદ, સદરહુ કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવા માટે કેસ ક્રમશ: ટ્રાન્સફર થઈ અત્રેની કોર્ટમાં આવેલ.

**૦૩.** ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતાં તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે તેમની સામેના કેસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૩ અન્વ્યે નિવેદન/પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ આક્ષેપ વાળો ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવા માંગણી કરેલ. જેથી કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**૦૪.** ફરીયાદ પક્ષે પુરાવો નોંધવામાં આવે તે પહેલા પક્ષકારો વચ્ચે ઘરમે સમાધાન થઈ જતા, આંક–૦૪ થી ફરીયાદી તેમજ આરોપી તરફે સંયુકત સમાધાન પુરશીશ રજુ થયેલ, પરંતુ આરોપી સામેના આક્ષેપીત ગુનાને ઘ્યાને લેતા સદરહુ ગુનો સી.આર.પી.સી. ૩૨૦ ના પ્રબંઘોમાં પડતો ન હોય, સદરહુ સમાઘાન નાંજુર કરી, કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**૦૫.** ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u> :–**

| **ક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાની વિગત** |
|---|---|---|---|
| ૦૧ | સંદિપ શામજીભાઈ ખાસા | ૦૫ | ફરીયાદી |

**<u>દસ્તાવેજી પુરાવો</u>:–**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૦૧ | ૦૬ | અસલ ફરીયાદ |
| ૦૨ | ૦૭ | પંચનામું |
| ૦૩ | ૦૮ | કલોઝીંગ પુરશીશ |

**૦૬.** ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી અને વિ.એપીપીશ્રીએ પુરાવો પુર્ણ કર્યાનું જાહેર કર્યા બાદ આરોપીનું ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક કેસ જણાતો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૦૭.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**૦૮.** સદરહુ કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્ધા-૧:** શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, તા. ૧૨-૧૦-૨૦૨૨ ના રોજ કલાક: ૧૦:૦૦ વાગ્યાના સમયે કે તે અરસામાં ભુજ મધ્યે આવેલ મુરલીધર મિલ્ક (દુધ) સેન્ટર જે ભાદરકા હોસ્પીટલની સામે અને ખાવડા મેસુરઘરની બાજુમાં આવેલ હોસ્પીટલ રોડ ઉપર આરોપી એ પોતાના કબજાનું વાહન મહિન્દ્રા કંપનીની જીતો પલ્સ સફેદ કલરનો જેના રજી. નં. જીજે.૧૨.બીવાય. ૯૨૬૩ વાળું બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે રીવર્સમાં લેતા, ફરીયાદીના નાના ભાઈ સંજયભાઈ શામજીભાઈ ખાસા, ઉ.વ.:૨૧, વાળાને પાછળથી ભટકાડી ચાલુ રહેલ વાશ વલોવવાના મોટર સાથે કરંટ લાગતા મૃત્યુ નીપજાવી, ભારતીય દંડ સંહિતાની કલમ -૨૭૯ ,૩૦૪(અ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્ધા-૨:** શું હુકમ ?

ઉપરોકત મુદાઓ પરત્વેના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્ધા-૧:** નકારમાં

**મુદ્ધા-૨:** આખરી હુકમ મુજબ

**-:: <u>નિર્ણય માટેના કારણો</u> ::-**

**<u>મુદા નં.૧ ની ચર્ચા :-</u>**

**૦૯.** ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ પ્રોસીકયુશન પક્ષે આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હા ઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.

**૧૦.** ફરીયાદ પક્ષે આંક-૦૫ થી ગુનાની ફરીયાદ નોંધાવનાર ફરીયાદી સંદિપ શામજીભાઈ ખાસાને તપાસેલ છે. તેઓના પુરાવાને વંચાણે લેતા, બનાવ નવ-દશ માસ પહેલા બનેલ. તે સમયે તેઓ તેમની વાડી કે જે સરસપર ખાતે આવેલ છે ત્યાં હતા. બનાવની જાણ તેમને કોઈ અજાપ્યા વ્યકિતએ ફોન ધ્વારા કરી જણાવેલ કે તેમના ભાઈ સંજયભાઈ કે જેઓ

મુરલીધર મીલ્ક સેન્ટર, ભાદરકા હોસ્પીટલની સામે આવેલ છે ત્યાં દુકાનની બહાર બાજુમાં અડીને છાસ વલવવાની મોટરથી દુધના કેનમાં છાસ વલોવતા હતા ત્યારે અચાક એક છકડો મહિન્દ્રા કંપનીના ચાલકે રીવર્સ લેતા તેમના ભાઈને પાછળથી ભટકાવતા તેમના હાથ ચાલુ રહેલ છાસની મોટર સાથેના દુધના કેનમાં પડી જવાથી કરંટ લાગતા તે પડી ગયેલ. જેથી તેઓ વાયબલ હોસ્પીટલ, ભુજ ખાતે ગયેલ. જયાં તેમના ભાઈને મરણ ગયેલ જાહેર કરેલ. તેઓએ પી.એમ. માટે જી.કે.જનરલ હોસ્પીટલ લઈ ગયેલ અને બાદ તેમના ભાઈની અંતિમ વિધિ થયા બાદ તેઓએ બનાવ બાબતેની ફરીયાદ આપેલ. જે અસલ ફરીયાદ તેઓને પુરાવા સમયે બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવતા તે ફરીયાદ આંક-૦૬ થી કામમાં દાખલ થયેલ છે. વધુમાં ફરીયાદીએ સરતપાસમાં જણાવેલ છે કે છકડાના ચાલક હોણ હતા તેમજ તેનો નંબર શું હતો તેની તેઓને ખબર નથી. તેઓ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય તેમજ તેઓએ તે અંગેની સમાધાન પુરશીશ તથા કલોઝીંગ પુરશીશ રજું કરી આપલ છે.

આ ફરીયાદી સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોઈ, ફરીયાદપક્ષ ધ્વારા સાહેદને ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૫૪ મુજબ પરવાનગી આપવામાં આવેલ તેમાં પણ સાહેદ ફરીયાદપક્ષને સમર્થનરુપ હકીકત જણાવવામાં નિષ્ફળ ગયેલ છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકત કબુલ કરેલ છે કે તેઓ બંને વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને તેઓને હાલનો કેસ આગળ ચલવવો નથી. એ હકીકત કબુલ રાખેલ છે કે ગાડી કોણ ચલાવતું હતું તેનું નામ તેઓની ફરીયાદમાં જણાવેલ નથી તથા અકસ્માત વખતે તેઓએ આરોપીને જોયેલ નથી.

**૧૧.** ફરીયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવાની હકીકત ધ્યાને લેતાં ફરીયાદી એ કહેવાતો બનાવ નજરે જોયેલ નથી. તેઓએ જે વ્યકિતએ ફોનથી જાણ કરેલ તેનું નામ પણ તેઓને ખબર નથી. વધુમાં અકસ્માત હાલનાં જ આરોપીએ પોતાના કબજાનું વાહન બેદરકારીથી રીવર્સમાં લેતા બનેલ હતું તેવો પણ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. જયારે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય તેવા સંજોગોમાં હાલના કામે વિશેષ પુરાવો

નોંધવાથી કેસના ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ નથી.

**૧૨.** ફરીયાદ પક્ષે સૌ પ્રથમ એ હકીકત પુરવાર કરવાની રહે છે કે,બનાવ સમયે અને સ્થળ એ જાહેર રોડ છે. જાહેર રોડ ઉપર લોકોની તેમજ વાહનોની અવર-જવર થતી હોય તેમ માની શકાય તેમ છે. તેમ છતાં પણ ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનું નિવેદન નોંધેલ હોય તેવું સમગ્ર ચાર્જશીટ પેપર્સ ધ્યાને લેતા જણાઈ આવતું નથી.

હવે, ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ ના આવશ્યક તત્વો જોવામાં આવે તો ''જાહેર રસ્તા ઉપર બેફામપણે અથવા બેદરકારીપુર્વક વાહન ચલાવવું જેના કારણે બહુજન સમુદાયની જીંદગી જોખમમાં મુકાય''. ઉપરોકત પુરાવાની કરેલ ચર્ચા મુજબ બનાવ સમયે અને સ્થળે આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવતા હોવાની હકીકતને સ્વતંત્ર સાહેદના પુરાવાથી જયારે સમર્થન મેળવવામાં આવેલ ન હોય ત્યારે ફરીયાદ પક્ષે જે સાહેદોના પુરાવા ઉપર આધાર રાખેલ છે તે સાહેદો ફરીયાદી- ત.ક.અ. કે જેઓ સરકારી સાહેદો છે તેઓના પુરાવા ઉપર આધાર રાખી આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં ફરીયાદીના પુરાવામાં એ હકીકત પણ સ્વીકૃત થયેલ છે કે, તેઓને વાહનની સ્પીડની ખબર નથી. જેથી પણ બનાવ સમયે ખરેખર વાહન પુરઝડપે આરોપી હંકારતા હતા તે બાબત સ્પષ્ટ રીતે પુરવાર થતી નથી. આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા પરથી હાલનો ગુનો પુરવાર થતો નથી. જેથી આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેમ જણાઈ આવતું નથી.

**૧૩.** ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના જ સબળ પુરાવા થી સાબીત કરવાનો રહે છે. જો ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબીત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળતો હોય છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેવો સબળ પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

**૦૧.** આ કામના આરોપી **વિવેક અરવિંદભાઈ રાઠોડ** ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ - ૨૫૫(૧) અન્વયે ભુજ શહેર ''બી'' ડીવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના રજી. નં.૧૧

**ફોજદારી કેસ નં. ૯૧૫/૨૦૨૩**

૦૩/૨૦૨૨,, આઈ.પી.સી. કલમ– ૨૭૯,૩૦૪(અ)મુજબ ના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૦૨.** ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(ક)ની જોગવાઈ અન્વયે આરોપીએ રૂા. ૫૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધીના રજુ કરવા.

હુકમ આજ તારીખ : ૨૫મી, માહે: જુલાઈ, સને: ૨૦૨૩ ના રોજ મારી સહી કરી જાહેર કર્યો.

સહી/–

તા:૨૫–૦૭–૨૦૨૩
ભુજ–કચ્છ
"RPG"

**(નમ્રતા પી. ઉનડકટ )**
જીજે ૦૧૦૫૮
ત્રીજા અધિક ચીફ જ્યુડીશીયલ
મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ